**કાર્યપાલક ઈજનેર**
**સુરત મહાનગરપાલિકા**

સાઉથ ઝોન (ઉધના)
**સત્યનગર સામે,ઉધના,સુરત**
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**નં. સા. ઝોન /ટેક/૧૯૮**
**તા. ૦૩/૦૪/૨૦૨૫**

**પ્રતિ,**
..................................
..................................
..................................
..................................

વિષય :– સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં વિવિધ જગ્યાઓ ઉપર ભવિષ્યના આયોજન હેઠળના સુરત મહાનગરપાલિકા હસ્તકના પ્રસંગોમાં તથા આગામી ગણેશ વિસર્જન – ૨૦૨૫ અંતર્ગત કૃત્રિમ તળાવના સ્થળ ઉપર જરૂરીયાત અનુસાર જરૂરી મંડપ તથા આનુસાંગિક સુવિધા પુરી પાડવાના કામ બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષયે, સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં વિવિધ જગ્યાઓ ઉપર ભવિષ્યના આયોજન હેઠળના સુરત મહાનગરપાલિકા હસ્તકના પ્રસંગોમાં તથા આગામી ગણેશ વિસર્જન – ૨૦૨૫ અંતર્ગત કૃત્રિમ તળાવના સ્થળ ઉપર જરૂરીયાત અનુસાર જરૂરી મંડપ તથા આનુસાંગિક સુવિધા પુરી પાડવાની કામગીરી આ સાથે સામેલ શિડયુલ–બી મુજબ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા. ૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે અંદાજીત રકમ રૂા.૪૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરવા જો તમો સંમત હોવ તો આપની લેખિત સંમતિ રૂા. ૪૫,૦૦૦/– ની ઈ.એમ.ડી. ડીમાન્ડ ડ્રાફ્ટ (ફક્ત કમિશ્નરશ્રી સુરત મહાનગર પાલિકાના નામનો) તથા નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓની પૂર્તતા સાથે નીચે સહી કરનારને સાઉથ ઝોન–એ (ઉધના)ની કચેરી ખાતે **<u>તા.૨૧/૦૪/૨૦૨૫</u>** સુધીમાં ઓફિસ સમય દરમિયાન મોકલવા ઘટતું કરશો. નિયત સમય મર્યાદામાં આવેલ સંમતિપત્ર જ માન્ય ગણાશે. કામગીરીની વધુ વિગત અંગે અત્રેની કચેરીના સંબંધિત આસી. ઇજનેરનો સંપર્ક કરવો.

## **<u>– : શરતો :–</u>**

1. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા ૪૫,૦૦૦.૦૦/– ની આપવાની રહેશે.
2. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૯,૦૦,૦૦૦.૦૦ પૈ.કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
3. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ(Form 3A/Work Completion Certificate) ની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
   - અંદાજીત રકમના ૪૦% એટલે કે રૂા.૧૮,૦૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૫૦% એટલે કે રૂા.૨૨,૫૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૮૦% એટલે કે રૂા.૩૬,૦૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

4. ઈજારદારે છેલ્લા ૦૩ વર્ષના આઇ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
5. ઈજારદારે જી. એસ. ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
6. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
7. સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા. ૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઈસબીડ અને ટેકનીકલ બીડની શરતો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.
8. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
9. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાનાં રેહેશે.
10. તમામ સરકારી/ અર્ધસરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
11. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
12. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.
13. સદર કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન –૧૦ (દસ) પુરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

બિડાણઃ–શીડયુલ–બી ની નકલ

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–એ(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**